# માય ડિયર જયુ કૃત 'જીવ' વાર્તાની દલિત સંવેદના

અભ્યાસકર્તા,
પ્રો.ભદ્રેશ એન. બ્રહ્મભટ્ટ
આસી.પ્રોફેસર,
એમ.એન.કોલેજ,વિસનગર

ગુજરાતી સાહિત્યમાં ઈ.સ.૧૯૬૦ની આસપાસ જે સાહિત્ય રચાયું તેમાં અનુભૂતિ અને અભિવ્યક્તિમાં બદલાવ આવ્યો.આ સમયગાળાના સાહિત્યે આધુનિક સાહિત્યની ઓળખ આપી.ઈ.સ.૧૯૬૦થી ૧૯૮૦ દરમ્યાન બે પ્રબળ વિચારધારા અસ્તિત્વમાં આવી.નારીવાદી વિચારધારા અને દલિતવિચારધારા. ઈ.સ.૧૯૮૦ પછીનું સાહિત્ય અનુઆધુનિક સાહિત્ય તરીકે ઉભરી આવે છે.શૈલીનું સરલીકરણ,ગ્રામ જીવનનો પુનઃ લગાવ,ઘટનાની હિમાયત અને પ્રયોગખોરીનો લોપ જેવા લક્ષણો આ યુગના સાહિત્યમાં ધરોહર બનીને પાછા આવે છે.હિમાંશી શેલત(અન્તરાલ),સુમન શાહ (જેન્તી-હંસા સિમ્ફની),કિરીટ દૂધાત(બાપાની પીંપર),હરીશ નાગ્રેચા(તું બોલને, અને છતાં પણ,હેલો સૂર્યા !), મોહન પરમાર(નકલંક,કુંભી,પોઠ) જેવા અનુઆધુનિકોની હરોળમાં માય ડિયર જયુ પોતાની અનુઆધુનિક રચનાઓ સાથે પાટલો માંડે છે.

ભાવનગર જિલ્લાના ટાણા ગામમાં જન્મેલા અને ભાવનગરના જ વસવાટી બનેલા માય ડિયર જયુ અનુઆધુનિક વાર્તાકારોમાં ગણનાપાત્ર સ્થાન પામ્યા છે.તેઓ શામળદાસ કોલેજના નિવૃત્ત અધ્યાપક છે. 'મરણટીપ', 'કમળપૂજા','જુરાપાકાન્ડ'જેવી ત્રણેક લઘુનવલો આપીને આ સર્જક વાર્તા તરફ વળે છે. 'જીવ'(૧૯૯૯,૨૦૦૧,૨૦૦૫,૨૦૦૯,સુલભ આવૃત્તિ :૨૦૦૯),'સંજીવની'( આવૃત્તિ :૨૦૦૫,૨૦૦૯,), 'મને ટાણા લઈ જાઓ!'(૨૦૦૯), 'થોડાં ઓઠાં' (૧૯૯૯,૨૦૦૯) તેમના વાર્તાસંગ્રહો છે. 'ગદ્યસભા' નામની સંસ્થા સાથે નાતો જોડીને તેમણે વાર્તારસને પ્રવાહિત રાખ્યો છે;જેના ફળસ્વરૂપે 'ડારવીન નો પિતરાઈ'ને કથા ફાઉન્ડેશન દિલ્હીનો (૧૯૯૯) કથા એવોર્ડ પ્રાપ્ત થયો છે.

જેનું શીર્ષક વાર્તાસંગ્રહના શીર્ષક માટે નામાભિધાન પામ્યું છે તે 'જીવ' વાર્તા દલિત સાહિત્યની ગણનાપાત્ર વાર્તાઓમાંની એક છે.જેનો સ્થાયિભાવ માર્મિક હાસ્ય છે, તે માય ડિયર જયુએ 'જીવ'વાર્તામાં કરૂણરસને ઘૂંટીને ઘેરો બનાવ્યો છે.આ માટે તેમણે કેટલાક દૃષ્યો,પરિસ્થિતિઓ અને વિગતોનો આધાર લીધો છે.

વૃદ્ધ ભગો ચમાર વાર્તાનું મુખ્ય પાત્ર છે; જેની આસપાસ કથા પથરાઇ છે.ઉપરાંત જેસુભા,જીવો કોળી,ભગાનો દિકરો, ભગાની પત્નિ,અને ભગાનો ભાઈ ખોડો ગૌણ પાત્રો બનીને આવે છે,મૃત્યુંને આરે આવાને ઉભેલો પાડો પણ કથાવેગમા ભાગ ભજવી જાય છે.

વાર્તાકારે એક સાથે બે પરિસ્થિતિનું નિર્માણ કર્યુ છે.એકબાજુ ભગાનો દિકરો ખરોગમાં (ક્ષયરોગ)માં પટકાઈને જીવન-મરણ વચ્ચે ઝોલા ખાય છે.તો બીજીબાજુ જીબાપુને આંગણે તાજો જન્મેલો પાડો મૃત્યુંની ઘડીયો ઘણી રહ્યો છે.બાપુને ત્યાં બે દિવસમા અવસર આવે છે.આંગણે માંડવો રોપાય એ પહેલા આ પાડો ખેંચી જવાનો ભગાને હુકમ થયો છે.ભગા માટે ધર્મસંકટ એ છે કે પાડો હજી જીવે છે;અને ભગો ચમાર છે.તેનો ચમારનો ધરમ એવું કહે છે કે, 'એ તો મેલું અને મૂએલું જ ઉપાડે,જીવતા જીવને ના ઢસેડે,નહીંતર પાપ લાગે,નખ્ખોદ નીકળી જાય'.એટલે જ ભગો એકસાથે બે રાહ જોઈને બેઠો છે.એક છોકરો સાજો થાય ને બીજી પાડો પતી જાય.જેસુભાની જોહુકમીને પાડો મરે કે જીવે એની સાથે કઈ લેવાદેવા નથી.જૂઓ :

જેસુભા : ભગા ! અટાણે આંટો માર.
ને મરી ગિયો હોય તો ઢહડતો આવ્ય.

ભગો : હાંજકના તો હું જયાવ્યો તો માબાપ!
તંયે તો જીવ અતો, ને ધાર્યા કરતા કાઠો સ,ઈમ નઈ મરે.

(અનુઆધુનિક વાર્તાસૃષ્ટિ : 'જીવ' પૃષ્ઠ : ૯૫)

* * *

જેસુભાએ હકમની ભાષા વાપરી : ‘ પરમ દિ’ માંડવો સે, ઈ પેલાં તો આંગણામાથી બારો કાઢવો જોહે. ’ (‘એજન’)

માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણથી જોઇએ તો ભગો ચમાર અહીં બે સદવૃત્તિઓ સાથે આંતરમનો સંઘર્ષ અનુભવી રહ્યો છે.એક તો દિકરાને કોઇ કાળે બેઠો કરવો, અને પાડો મૃત્યું પામે તો તેનો પીડામાથી છૂટકારો થાય,પોતાનો ધર્મ અને જીબાપુનો પ્રસંગ સચવાય.જોકે,જીવા કોળીએ પાડાના કાનમાં છાલીયું ભરીને ફળફળતું તેલ રેડેલું,એમ કે સવાર સુધીમાં પાડો પતી જશે.પણ એથી તો પાડો લાંબા લાંબા બરાડા પાડવા લાગ્યો ને ઠેકડા મારવા લાગ્યો.

આ સંજોગોમાં અક ત્રીજી ઘટના ઉમેરાય છે.ફળિયામાં બેઠેલા ગરૂડાએ કઈક મંતર ભણીને ભગાને રાખ અપીને કહેલું, “સાંભળ નારણ ઊગે તઈથી બેય માણહે નિરજળા અપ્પા કરવાના.ખોટું કામ તો હું,ખોટો વિચાર પણ નઈ કરવાનો,ચોવીસ કલાક કાઢી નાખો,ને બીજ દિ’એ નારણ ઊગે ઈની હારોહાર તારો ગગો બેઠો નો થાય તો મને ફટ કે’જે,” (અનુઆધુનિક વાર્તાસૃષ્ટિ : ‘જીવ’ પૃષ્ઠ : ૯૫)

સંઘર્ષની પારકાષ્ઠા હવે વર્તાય છે.ચોવીસ કલાક અર્થાત બે દિવસની ગરૂડાએ આપેલી એંધાણી ને ટેક,બે જ દિવસમાં જીબાપુને આંગણે આવતા મંડપમૂહુર્તનો પ્રસંગ અને બે દિવસ સુધી પ્રાણ ન ત્યાગતો બાપુને આંગણે પડેલો પાડો.આવી વ્રેવડી પરિસ્થિતિનું નિર્માણ કરીને વાર્તાકારે વર્ગવિચ્છેદની અનભૂતિનો જ પરિચય નથી કરાવ્યો બલકે ગરીબ ઉપર અમિરોની દમનસાહી વિશેષ વર્તાય છે.જુઓ :

જેસુભા : ગમેતેમ,કાલ સુધીમાં તારે એનો નિકાલ લાવવો જોહે.

ભગો : ‘પણ અમી જીવતા જીવને તો નો ઉપાડીઈ ન,માબાપ !’

‘તમે નો ઉપાડો તયે કોણ ઉપાડે,શિવશંકર ગોર ?’......જેનું કામ જે કરે..... ’જેસુભાના અવાજમાં કરડાકી ભળી.

‘ અમારૂં કામ મૂંએલુ લઈ જવાનું, માબાપ. ’

(અનુઆધુનિક વાર્તાસૃષ્ટિ : ‘જીવ’ પૃષ્ઠ : ૧૦૦)

અહી પોતાની ફરજ પ્રત્યે સભાન ભગો જ્યારે જેસુભાને પ્રત્યુત્તર વાળે છે ત્યારે ભગાનું માનવીય મનોબળ (wheelpower)નું પ્રાગટ્યિકરણ થાય છે.

ગરૂડાની ટેક ભગા અને એની ડોસીએ પાળવાનું શરૂ કર્યું. કારણ ! “ભગા ચમારમાં ‘ નારણ ઉગતાની સાથે એનો હાવજ બેઠો થાહે”ની આશાનો સંચાર થયો હતો.અહીં ગરીબ બાપની શ્રદ્ધા અને નિમ્નવર્ગમાં ઘરકાવ થયેલી અંધશ્રદ્ધા સાથે ડોકાય છે. ગરૂડા એ કીધું તેમ ચોવીસ કલાક નીકળી જાય તો તો જિંદગીના દિવસો ફરી જાય.પાડો આજનો દિવસ કાઢી નાખે તો સવારે દિ’ ઊગે એ પહેલા ઢહડી આવીસ,પછી જીવતો હોય કે મરેલો.દિવસ તો હેમખેમ પસાર થઈ ગયો.પણ રાત પડીને કહેણ આવ્યું.... ‘ભગા ! જેસુભા બોલાવે,જીબાપુની ડેલીએ’,

ભગાને સારા શુકન થવા લાગ્યા.હવે પાડો મરી ગયો હશે.મરેલુ લઈ આવવું એ તો આપણો ધરમ.પરંતુ કરમની કઠિણાઈ પાડો મરી નો તો ગયો ! જીવતો જ ઢહડવાનો હતો.જો ના પડે તો બાપુ રાજાના ભાયાત.માથે ચોકડી મારી દે તો તો ભારે થાય.આ ગામમાં જ નહી અડખે પડખેના ગામમાંયે ના રહેવા દે.ભગાને માથેબંધણું પણ સારૂં મલતું. જેસુભા જેવા ઉચ્ચ વર્ગના લોકોના કોપ અને કડકાઇની પીડામાંથી ભગા ચમાર જેવા સેંકડો ને મેલું ઉપાડવા વાળા દલિત સમાજના લોકો કેવા પિસાતા તેનો નમૂનો જૂઓ :

‘ કેમ એલા ! આંખ્યું ઓડે ગઈ છે ?’જેસુભાએ દાંત વચ્ચેથી એક એક શબ્દ કાઢ્યો.

‘કિમ,માબાપ,!’ભગો વધુ બોલી શક્યો નહી.

‘તને કાલે કીધુ નો’તું કે કાલ હુધીમાં પાડો આંયાં રહેવો નો જોઈ ?’

કીધુ’તું ને,માબાપ.’ભગો ધ્રુજી ગયો.પળવારમાં એના હોઠ સુકાઈ ગયા.

‘તો કેમ નો ઉપાડી ગ્યો ?’

‘ જીવ અતો નીં કિમ ઇપાડી જાવ, માબાપ ?’

(અનુઆધુનિક વાર્તાસૃષ્ટિ : ‘જીવ’ પૃષ્ઠ : ૧૦૩)

આમ ભગાને બે ય બાજું નિરાશા સાંપડે છે.એકનો જીવ (દિકરો) વળતો નથી.ને બીજાનો જીવ (પાડો) જતો નથી.અને અંતે ભગો ચમાર એ નિર્ણય પર આવે છે કે પાડો જીવતો જ ઢહેડવાનો.પણ એકલાથી પાડો ખેંચાય એમ ન હતું.પાછો નિર્જળા ઉપવાસ.એના ભાઈ ખોડાએ આવો 'અધરમ'કરવાની ના પાડી દીધી.ઈસ્માઇલનો એકો પણ હાજર નથી.બધા કારણો ભેગા મળ્યા.અંતે ભગો ચમાર એકલો જ પાડો ખેંચવા જાય છે.ભગાની સામે બે અધમૂઆ જીવ છે.પાડો અને પુત્ર.તે પાડાને ખેંચવા કેવી કેવી રીતે મથે છે.અંતે શું થાય છે તેનું વર્ણન જૂઓ :

" પાડાને પથ્થરમાંથી ખેસવવા એ પાડા પર વાંકો પડ્યો.પાડાની ડોક બાથમાં લીધી.ઊંચકવા મથ્યો.પાડો હલ્યો નહી.એક બે વાર એમ કર્યું ને હાંફ ચડી.આંખો ફાટી રહી.મોંએ ફીણ આવી ગયાં.ચંદ્ર આથમ્યો.અંધારું.જીવ પર આવીને એણે પાડાને ઊંચકવા બળ કર્યું.એની કમરમાં સબાકો થયો.આંખો ધબ્બ થઈ.એક ક્ષણ અંધારામાં તાકી રહી.બીજી ક્ષણે એ પાડા પર ધબ્બ થઈને ફસડાઇ પડ્યો.પાડો ચારે પગે ઊભો થયો લાગ્યો.પાડા પર સવાર થઈને જમરાજ એના ઝૂંપડા તરફ જતા દેખાયા.એના મોંમાંથી ફીણ નીકળી પડ્યાં.મરેલા પાડાના મોં પર બાઝેલા ફીણ સાથે ભગાના મોંમાંથી નીકળતાં ફીણ મળી ગયાં" (અનુઆધુનિક વાર્તાસૃષ્ટિ : 'જીવ' પૃષ્ઠ : ૧૧૦)

વહેલી પરોઢે જેસુભા ઘેર જવા નીકળે છે રસ્તામાં કઇક પડેલું જોયું ઘોડી ઊભી રાખી અને જોઈને ઘોડીને એડી મારીને નિર્દય રીતે ચાલ્યા જાય છે ત્યાં માનવીની માનવતા નેવે મૂકાય છે.

અહીં પાડો,ભગો અને ભગાનો દિકરો એમ ત્રણ જીવોનું પતન એક જ સમયે અને એક સાથે થાય છે ત્યારે વાર્તામાં એક પ્રકારની કરૂણ ચીસ ઉઠે છે.અને એ ચીસ પ્રગટાવવા વાર્તાકારે લીધેલા ટૂંકાક્ષરી ગદ્યનો સહારો સરાહનીય છે. ગદ્યમાં આવતી દરબારી ઠાઠની બોલી, શબ્દોના વિશિષ્ટ લહેકા અને આવર્તનોથી સાદૃષ્યો ખડાં થાય છે એ નોંધવું રહ્યું. 'કિમ', 'નીં', 'મુંબી', 'હાવજ', 'ગગો'જેવા પ્રદેશગત દશ્ય શબ્દોથી ગદ્યમાં એકપ્રકારનું જોમ પ્રગટે છે.મોહન પરમારના મતે પ્રસ્તુત વાર્તામાં સામાજિક વિષમતા નિમિત્તે ઊભી થયેલી તંગ પરિસ્થિતિ અહીં અસરકારક બનીને આવી છે. (૧)

માય ડિયર જયુએ સામાજિક વર્ગભેદને માટે થઈને 'જીવ'વાર્તાનું સુચારું આયોજન કર્યું છે.જેમા એક સર્જક તરીકે પોતાની જાતને સંડોવીને કથાઘાટ રચ્યો હાય એવી પ્રતિતી થાય છે. પ્રસ્તુત વાર્તા દ્વારા દલિતવર્ગની દયનીય પરિસ્થિતિનો બેનમૂન નમૂનો પૂરો પાડ્યો છે એ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

સંદભ

(૧) અનુઆધુનિક વાર્તાસૃષ્ટિ :પૃષ્ઠ : ૧૭૭-મોહન પરમાર ( પ્રથમ આવત્તિ : ૨૦૦૫-પાર્શ્વ પબ્લિકેશન)